


# ચૂંટણી પંચે ૧૮૧ જનરલ અને ૨૮ પોલીસ ઓબ્ઝર્વર નિમ્યા

## પ્રથમ તબક્કાની ચૂંટણી માટે ૪૦ જેટલાં એક્સપેન્ડીચર ઓબ્ઝવર્સ નિયુક્ત કરવામાં આવ્યા છે : અનીતા કરવલ

ગાંધીનગર, તા. ૨૧ ભારતના ચૂંટણીપંચે ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણીઓ ૨૦૧૨ માટે બંને તબક્કા માટે ૧૮૧ જનરલ ઓબ્ઝવર્સ, ૨૮ પોલીસ ઓબ્ઝવર્સ અને પ્રથમ તબક્કા માટે ૪૦ ખર્ચ ઓબ્ઝવર્સની નિમણુંકની પ્રથમ યાદી જારી કરી છે. ૧૮૧ જનરલ ઓબ્ઝવર્સ ખર્ચ સિવાયની બાબતોનું ધ્યાન રાખશે જ્યારે ૪૦ એક્સપેન્ડીયર ઓબ્ઝવર્સ ઉમેદવારો દ્વારા કરવામાં આવતા ખર્ચની વિગતોની ચકાસણી કરશે.



મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતિ અનિતા કરવલે કહ્યું કે નિરીક્ષકો તેમને સોંપવામાં આવેલા મતદાન વિસ્તારમાં પહોંચે ત્યાર બાદ તેમના નામ, રોકાણનું સરનામું, ફોન-ફેકસ નંબર મતદારોનો સરળતાથી પ્રાપ્ત થઈ શકે એ માટે સ્થાનિક કક્ષાએ જિલ્લા ચૂંટણી અધિકારીઓ વર્તમાન પત્રોમાં બહોળી પ્રસિદ્ધિ આપે તે માટે સૂચનાઓ આપવામાં આવી છે.

નિરીક્ષકો તેમની પ્રથમ મુલાકાતમાં તેમને સોંપેલ મતદાન વિભાગમાં ઉમેદવારી પત્ર ભરવાની, ઉમેદવારી પત્રોની ચકાસણી, ઉમેદવારી પત્ર પરત ખેંચવા બાબત વગેરે કામગીરી તેમજ ઉમેદવારો તથા ઉમેદવારનાં ચૂંટણી પ્રચાર અને મતદાનને લગતી સંલગ્ન તમામ બાબતો ઉપર બારીકાઈથી ધ્યાન રાખશે.

આ ઉપરાંત ઈવીએમ મશીનના રેન્ડમાઈઝેશન તથા પોલીંગ ઓફિસરોને તાલીમ, મતદાર જાગૃતિ વગેરે બાબતોનું પણ નિરીક્ષણ કરશે. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે ઈવીએમ મશીન અત્યંત સુરક્ષિત અને સુયોગ્ય રીતે કામ કરતા હોય મતદાન માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીઓ માટે ઈવીએમ દ્વારા મતદાનની ત્રુટીવિહીન વ્યવસ્થા અમલમાં મુકી છે. ઈવીએમમાં કોઈપણ વ્યક્તિ ક્યારેય નાની સરખી પણ છેડછાડ, ગેરરીતિ કે ખોટી રીતે મતદાન કરી શકે તેમ નથી.

આ નિરીક્ષકો બિનજામીનપાત્ર વોરંટની બજવણી, ગેરકાયદેસરના હથિયાર જપ્ત કરવા તથા પરવાનો ધરાવતા હથિયારો જમા કરાવવા તેમજ કોઈપણ અનિચ્છનીય ઘટનાઓ જેવી બાબતો પર ઝીણવટપૂર્વક ધ્યાન રાખશે.

# મતદારો પોતાના મતદાન કેન્દ્ર અંગેની જાણકારી ચૂંટણી પંચની વેબસાઈટ પરથી મેળવી શકશે

અમદાવાદ, તા. ૨૧ મતદારોને પોતાના મતદાન કેન્દ્ર અંગેની જાણકારી સરળતાથી મળી રહે તે માટે ચૂંટણી પંચ દ્વારા અનોખી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જે અંતર્ગત ચૂંટણી પંચની વેબસાઈટ www.eci.nic.in ઉપર જે તે રાજ્યનાં નકશામાં મતદાન કેન્દ્રોના સ્થાન, મુખ્ય ચૂંટણી અધિકારીનું નામ, તેમના ફોન નંબર વગેરે જેવી વિગતો મેળવી શકાશે. આ અગાઉ દિલ્હી અને હિમાચલ પ્રદેશના મતદાન કેન્દ્રો અંગેની માહિતી નકશા દ્વારા મળી રહે તેવી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જેમાં હવે ગુજરાતના પણ મોટાભાગના મતદાન કેન્દ્રનો સમાવેશ કરી લેવામાં આવ્યો છે.

ચૂંટણી પંચની વેબસાઈટ પર ડાબી બાજુની પેનલમાં 'ઈન્ફર્મેશન લિન્ક ટુ પોલિંગ સ્ટેશન મેપ્સ' પર ક્લિક કરવાથી જે-તે રાજ્યના નકશા અને તેની ઉપર રાજ્યના જુદાં જુદાં જિલ્લા, મતક્ષેત્ર અને મતદાન કેન્દ્રોના નામ જોઈ શકાશે. નકશા પર ડબલ ક્લિક કરવાથી તેને ઝુમ કરી શકાશે. મતદાન મથક તથા તેની આસપાસના રસ્તા વગેરેની વિગતો સેટેલાઈટ ઈમેજની મદદથી પણ જોઈ શકાશે. આ ઉપરાંત જે તે મતદાન કેન્દ્રોની મતદાર સૂચિ પણ પીડીએફ ફોરમેટમાં મેળવી શકાશે.

ચૂંટણી પંચ પોતાની વેબસાઈટ પર દેશના તમામ રાજ્યોના મતદાન કેન્દ્રોની વિગતો ઉપલબ્ધ બનાવવામાં કાર્યરત છે. આ નવી સુવિધા નાગરિકોને ઉપયોગી નિવડશે તેવી આશા પંચે વ્યક્ત કરી છે.

# કોંગ્રેસની પ્રથમ યાદી

| | | |
|---|---|---|
| ૧. | અબડાસા | છબીલદાસ પટેલ |
| ૨. | ભૂજ | અમીર અલીભાઈ લોઢીયા |
| ૩. | ગાંધીધામ | જયશ્રીબેન ચાવડા |
| ૪. | રાપર | બાબુભાઈ મેઘજીભાઈ શાહ |
| ૫. | દીયોદર | ગોવાભાઈ રબારી |
| ૬. | કાંકરેજ | ધારસિંહભાઈ ખાનપુરા |
| ૭. | સિદ્ધપુર | બળવંતસિંહ રાજપૂત |
| ૮. | કડી | રમેશભાઈ ચાવડા |
| ૯. | મહેસાણા | નટવરલાલ પટેલ |
| ૧૦. | કલોલ | બળદેવજી ઠાકોર |
| ૧૧. | ઘાટલોડિયા | રમેશભાઈ દૂધવાળા |
| ૧૨. | નારણપુરા | ડૉ. જીતુભાઈ પટેલ |
| ૧૩. | ઠક્કરબાપાનગર | ગીતાબેન પ્રવિણભાઈ પટેલ |
| ૧૪. | દાણીલીમડા | શૈલેષ પરમાર |
| ૧૫. | મોરબી | બ્રિજેષ મિરજા |
| ૧૬. | વાંકાનેર | મહોમ્મદ જાવેદ પિરઝાદા |
| ૧૭. | જસદણ | ભોળાભાઈ ગોહિલ |
| ૧૮. | જેતપુર | જયેશભાઈ રાદડિયા |
| ૧૯. | જામનગર ગ્રામ્ય | રાઘવજીભાઈ પટેલ |
| ૨૦. | પોરબંદર | અર્જુનભાઈ મોઢવાડિયા |
| ૨૧. | માણાવદર | જવાહર ચાવડા |
| ૨૨. | ઉના | પુંજાભાઈ વંશ |
| ૨૩. | ભાવનગર ગ્રામ્ય | શક્તિસિંહ ગોહિલ |
| ૨૪. | ભાવનગર પૂર્વ | રાજેશભાઈ જોષી |
| ૨૫. | બોટાદ | કુંવરજીભાઈ બાવળીયા |
| ૨૬. | ખંભાત | સંદિપસિંહ ચુડાસમા |
| ૨૭. | બોરસદ | રાજેન્દ્રસિંહ પરમાર |
| ૨૮. | આંકલાવ | અમિતકુમાર ચાવડા |
| ૨૯. | પેટલાદ | નિરંજન પટેલ |
| ૩૦. | ઠાસરા | રામસિંહ પરમાર |
| ૩૧. | બાલાસિનોર | માનસિંહ ચૌહાણ |
| ૩૨. | લુણાવાડા | હિરાભાઈ પટેલ |
| ૩૩. | મોરવાહડફ | સવિતાબેન ખાંટ |
| ૩૪. | ગોધરા | સી. કે. રાઉલજી |
| ૩૫. | લીમખેડા | પુનાભાઈ બારીયા |
| ૩૬. | દાહોદ | વજેસિંહભાઈ પાંડા |
| ૩૭. | ગરબડા | ચંદ્રિકાબેન બારીયા |
| ૩૮. | સાવલી | ખુમાનસિંહ ચૌહાણ |
| ૩૯. | છોટાઉદેપુર | મોહનસિંહ રાઠવા |
| ૪૦. | સંખેડા | ધીરુભાઈ ભીલ |
| ૪૧. | ડભોઈ | સિદ્ધાર્થભાઈ પટેલ |
| ૪૨. | ઓલપાડ | જયેશભાઈ પટેલ |
| ૪૩. | માંડવી | પ્રભુભાઈ વસાવા |
| ૪૪. | કામરેજ | ભગીરથભાઈ પીઠવડીવાલા |
| ૪૫. | વરાછારોડ | ધીરુભાઈ ગજેરા |
| ૪૬. | બારડોલી | નિતીનભાઈ રાણા |
| ૪૭. | મહુવા | ઈશ્વરભાઈ વહિયા |
| ૪૮. | વ્યારા | પુનાભાઈ ગામિત |
| ૪૯. | નિઝર | પરેશભાઈ વસાવા |
| ૫૦. | ડાંગ | મંગલભાઈ ગાવિત |
| ૫૧. | વાંસદા | છનાભાઈ ચૌધરી |
| ૫૨. | કાપરડા | જીતુભાઈ ચૌધરી |

# ગાંધીનગર જિલ્લા ચૂંટણી કામગીરી - સમીક્ષા બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૧ ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર શ્રી પી. સ્વરૂપના અધ્યક્ષતામાં તા. ૨૦મી નવેમ્બર-૨૦૧૨ના રોજ ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા બેઠક અંતર્ગતની ચૂંટણીલક્ષી કામગીરી અર્થે નીમાયેલ વિવિધ સમિતિઓના નોડલ ઓફિસરશ્રીઓ અને મદદનીશ ખર્ચ નિરીક્ષકશ્રીઓની બેઠક મળી હતી. આ બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ તમામ નોડલ ઓફિસરશ્રી અને મદદનીશ ખર્ચ નિરીક્ષકો પાસેથી અત્યાર સુધી કરવામાં આવેલી કામગીરીની વિગતવાર માહિતી જાણી હતી.

ગુજરાત વિધાનસભાની તા. ૧૭ ડિસેમ્બર-૨૦૧૨ દરમ્યાન યોજાનાર ચૂંટણીને અનુલક્ષીને ગાંધીનગર જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા નિષ્પક્ષ અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થાય તે માટે સઘન કામગીરી કરવામાં આવી રહી છે. આ ચૂંટણીને અનુલક્ષીને તા. ૨૦મી નવેમ્બરના રોજ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીની અધ્યક્ષતામાં બેઠક મળી હતી. જેમાં જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીને તમામ નોડલ ઓફિસરો અને મદદનીશ ખર્ચ નિરીક્ષકશ્રીઓ દ્વારા તેમની ટીમે કરેલી કામગીરીની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ નોડલ ઓફિસરોને તેમની કામગીરીને વધુ સઘન અને પારદર્શક બનાવવા માટે જરૂરી સુચનો પણ કર્યા હતા.

આ બેઠકમાં અધિક નિવાસી કલેક્ટરશ્રી ડૉ. એમ.ડી. મોડિયા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી આઈ.આર. મનસુરી, સહિત તમામ ટીમના નોડલ ઓફિસરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજયભરમાંથી આચારસંહિતા ભંગની ૬૮૫ ફરિયાદો નોંધાઈ

ગાંધીનગર, તા.૨૧ ગુજરાત વિધાનસભા ચૂંટણી-૨૦૧૨ અંતર્ગત રાજયમાં મૂકત, ન્યાયી અને શાંત વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટે આદર્શ આચારસંહિતાનો કડક રીતે અમલ થઈ રહ્યો છે. રાજયભરમાંથી વિવિધ રાજકીય પક્ષો તેમજ અન્ય વ્યકિતઓ તરફથી આદર્શ આચાર સંહિતા ભંગની ફરિયાદો અને રજૂઆતોની વિગતો આપતા મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી અનિતા કરવલે જણાવ્યું હતું કે, તા. ૨૦-૧૧-૨૦૧૨ સુધીમાં રાજયભરમાંથી કુલ ૬૮૫ આદર્શ આચારસંહિતા ભંગની ફરિયાદો/રજૂઆતો મળી છે. જે પૈકી ૬૫૮ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે અને ૨૭ ફરિયાદો ભારતના ચૂંટણી પંચને યોગ્ય નિર્ણય અને માર્ગદર્શન અર્થે મોકલી આપવામાં આવી છે. જયારે ૩૨ ફરિયાદોમાં પોલીસ કેસ (એફઆઈઆર) કરવામાં આવ્યો છે.

રાજયના તમામ જિલ્લામાંથી આદર્શ આચારસંહિતા ભંગની મળેલ ફરિયાદોમાં કચ્છની-૨, બનાસકાંઠા-૪, મહેસાણા-૮, અમદાવાદ-૩, રાજકોટ-૩, જામનગર-૧, જૂનાગઢ-૩, વડોદરા-૨, નર્મદા-૨, સુરત-૪ની મળીને કુલ ૩૨ ફરિયાદોમાં પોલીસ કેસ કરવામાં આવ્યો છે.

મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરીને વિવિધ રાજકીય પક્ષો તરફથી આદર્શ આચારસંહિતા ભગંની મળેલી ફરિયાદોની વિગતો આપતા શ્રીમતી અનિતા કરવલે જણાવ્યું હતું કે, મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરીમાં કુલ ૫૩ ફરિયાદો મળી છે. જેમાં ભારતીય જનતા પક્ષ તરફથી આદર્શ આચારસંહિતા ભંગની કુલ ૨૭ ફરિયાદો મળી છે. જે પૈકી ૧૫ ફરિયાદોનો નિકાલ જયારે ૧૨ ફરિયાદો ભારતીય ચૂંટણી પંચને આગળની કાર્યવાહી અર્થે મોકલી આપી છે. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ તરફથી કુલ ૧૬ ફરિયાદો મળી છે. જે પૈકી ૧૦નો નિકાલ, જયારે ૬ ફરિયાદો ભારતીય ચૂંટણી પંચને આગળની કાર્યવાહી અર્થે મોકલી આપી છે. અન્ય પક્ષો તરફથી ૧૦ ફરિયાદો મળી છે. જે પૈકી ૭ ફરિયાદોનો નિકાલ જયારે ૩ ફરિયાદો ભારતીય ચૂંટણી પંચને આગળની કાર્યવાહી અર્થે મોકલી આપવામાં આવી છે.

# ચૂંટણીના ઉમેદવારના ખર્ચના નિયંત્રણ હેતુથી ગાંધીનગર ખાતે ટોલ ફ્રી હેલ્પલાઈન


ગાંધીનગર, તા. ૨૧ ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા બેઠકની સામાન્ય ચૂંટણી આગામી તા. ૧૭મી ડિસેમ્બર-૨૦૧૨ના રોજ યોજાનાર છે. જે અંતર્ગત જિલ્લા કલેક્ટરશ્રી અને જિલ્લા ચૂંટણી અધિકારી, ગાંધીનગર ખાતે પાંચ વિધાનસભા મતવિભાગમાં ચૂંટણી લડવા જે ઉમેદવારો ઉભા રહેવાના છે. તેઓના ખર્ચના નિયંત્રણ હેતુ સારૂ એક ટોલ ફ્રી હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો ટોલ ફ્રી નંબર ૧૮૦૦૨૩૩૧૦૩૧ છે. આ ટોલ ફ્રી નંબર ઉપર કોઈ પણ વ્યક્તિ ચૂંટણી ખર્ચ નિયંત્રણ સંબંધિત જાણકારી અને ફરિયાદ નોંધાવી શકશે.

# નરેન્દ્ર મોદી એક દસકા કરતાં વધારે સમયથી ગુજરાતની ગાદી પર રાજ કરે છે, સત્તાના ૪૦૦૦ દિવસો પુરા કર્યા

## ૧૧ વર્ષના શાસનમાં મોદી સામે પાર્ટીમાં આંતરિક સંઘર્ષ ચાલતો રહ્યો

**ગુજરાતની ભૂમિના રાજા**

**- ગૌતમ પુરોહિત**



ગુજરાતમાં ભાજપની સરકારમાં બે બળવા થતાં કેશુભાઈ પટેલ અને સુરેશ મહેતાની સરકારનું પતન થયું હતું. આ બંન્ને બળવા માટે જવાબદાર શંકરસિંહ વાઘેલાને ગણવામાં આવે છે. એ વખતે નરેન્દ્ર મોદી કેશુભાઈની પડખે હતા પરંતુ ૨૦૦૧માં ગુજરાતમાં સર્જાયેલા વિનાશક ધરતીકંપ અને તે પછીની સરકારની કામગીરીમાં ઉણપના અભાવે મહાનગરો અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીમાં ભાજપને મળેલી પછડાટ તેમજ અમદાવાદની માધવપુરા બેન્કના કૌભાંડના કારણે ભાજપની સરકારની છબી ખરડાઈ હતી.

કેશુભાઈ સામે વિદ્રોહનો ઝંડો લઈને ગુજરાત ભાજપના કેટલાક ધારાસભ્યો નિકળી પડ્યા હતા. તેઓએ નવી દિલ્હીમાં નરેન્દ્ર મોદીના સંપર્કો વધારી દીધાં હતા અને કહ્યું હતું કેઁ ગુજરાતમાં નેતૃત્વ પરિવર્તન નહીં થાય તો પાર્ટી ખતમ થઈ જશેઁ. આ રજૂઆત એટલી ધારદાર હતી કે હાઈકમાન્ડે મને ક મને નિર્ણય લેવો પડ્યો હતો.

૨૦૦૧નો સપ્ટેમ્બર મહિનો. હાઈકમાન્ડે કેશુભાઈને નવી દિલ્હી બોલાવ્યા અને ગુજરાતની વર્તમાન પરિસ્થિતિ અંગે ખુલાસો પૂછ્યો અને વિદાય કરી દીધાં.

એ વખતે અડવાણીએ એવું વચન આપ્યું હતું કે તમને બદલવાનું કોઈ કારણ નથી. તેમના શબ્દો હતા કે ગુજરાતમાં નેતૃત્વ પરિવર્તન નહીં થાય. ત્યારપછી રાજકીય ગતિવિધિઓ તેજ બનતાં ઓક્ટોબરમાં ફરી કેશુભાઈને નવી દિલ્હી બોલાવવામાં આવ્યા અને કહ્યું તમે ગુજરાત ભવનમાં બેસો. સતત ત્રણ દિવસ સુધી તેમને ગુજરાત ભવનમાં બેસાડી રાખવામાં આવ્યા અને છટ્ઠી તારીખે કહી દેવામાં આવ્યું કે કેશુભાઈ તમે સ્ટેપડાઉન થઈ જાવ...

દુઃખી બનેલા ભાજપના નેતા કે જેમણે ભાજપને બે વખત ભારે બહુમતિ મેળવી આપી હતી તેમને ખસેડી લેવામાં આવ્યા અને અંતે છટ્ઠી ઓક્ટોબર-૨૦૦૧ના રોજ કેશુભાઈએ રાજીનામું આપી દેતાં ૭મી ઓક્ટોબરે ભાજપના હાઈકમાન્ડે મુખ્યમંત્રી તરીકે પાર્ટીના રાષ્ટ્રીય મહામંત્રી નરેન્દ્ર મોદીને પસંદ કરીને ગુજરાતમાં શપથ લેવા માટે મોકલ્યાં હતા.

ગુજરાતમાં આવીને નરેન્દ્ર મોદી સૌથી -થમ કેશુભાઈને મળવા માટે તેમના બંગલે ગયા અને તેમના આશીર્વાદ લીધા બાદ તેમની ગાંધીનગરની સ્ટાફ ટ્રેઈનંગિ કોલેજમાં નેતાપદે વરણી કરવામાં આવી હતી. આ વખતે મોદીના શબ્દો હતા કે ગુજરાતના રાજકારણમાં હું નવો નિશાળિયો છું. મને કેન્દ્રએ મોકલ્યો છે. આ રાજયમાં મારી પાસે બે મહારથીઓ છે. મહાભારતમાં અર્જુનના સારથી એકમાત્ર ભગવાન શ્રીકૃષ્ણ હતા મારે તો ગુજરાતમાં બે સારથી કેશુભાઈ પટેલ અને સુરેશ મહેતા છે. તેમના માર્ગદર્શન મુજબ હું સરકાર ચલાવીશ.

ભાજપમાં બધું સારૂં હતું. અસંતુષ્ટ નેતાઓ માની ગયા હતા. હાઈકમાન્ડના નેતાઓના કહ્યા મુજબ તેઓએ કર્યુ હતું...પણ રાજકારણ કહે છે કેઁ સત્તાનો સૂર્યોદય થાય તે વખતે બીજું કંઈ દેખાતું નથીઁ. ધીમે ધીમે મોદી કેશુભાઈ પટેલ જેવા પાયાના વરિષ્ઠ નેતાઓને સત્તાથી દૂર કરતા ગયા અને પરિણામ એ આવ્યું કે શરૂઆતથી જ મોદી આ વરિષ્ઠ નેતાઓના અળખામણા બની ગયા. કેશુભાઈના કહેવાથી મંત્રીમંડળમાં તેમના સમર્થકોને સમાવ્યા પણ તેઓને કેશુભાઈથી નાતો તોડાવી દીધો.

મોદી પોતાની આગવીઁ સ્ટાઈલ માં -દેશના નેતાઓને વિશ્વાસમાં લીધા વિના રાજ કરતા ગયા અને પાર્ટીમાં અસંતોષ વધતો ગયો. ૨૦૦૧ના ભૂકંપમાં સરકારનું બાકી કામ તેમણે બાખૂબીથી પુરૂં કર્યુ. કેશુભાઈના શાસનમાં નર્મદાની પાઈપલાઈનમાં પાણી વહાવીને તેમણે ગુજરાતના ગામડાં અને શહેરોમાં પાણી પહોંચાડ્યું. મોદીના શાસનમાં નર્મદા ડેમની હાઈટ ૧૨૧.૯૨ મીટરની થઈ ગઈ. આ શાસનની અંદર ગુજરાતમાં એકપણ વર્ષ દુષ્કાળ પડ્યો નથી. તમામ ચોમાસા સારાં જતાં ગુજરાતે એગ્રિકલ્ચરમાં હરણફાળ ભરી દીધી.

મોદીના શાસનમાં એવું નોંધાયું છે કે તેમણે જળસંચયના કરેલા કામો ભૂતકાળમાં ક્યારેય થયા નથી. રાજયના તમામ ગામોમાં તેમણે ૨૪ કલાક જયોતિગ્રામ વીજળી આપી છે. મોદી સરકારની સૌથી મોટી સિદ્ધિ વાયબ્રન્ટ ગુજરાત ગણવામાં આવે છે. ૨૦૦૩ થી ૨૦૧૧ દરમ્યાન પાંચ વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ કરીને મોદીએ રાજયમાં ૪૦ લાખ કરોડનું મૂડીરોકાણ લાવવાનો -યાસ કર્યો છે.

મોદીના શાસનના ૧૧ વર્ષમાં મહાનગરો અને સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપે બે-બે વખત બહુમતિ મેળવી છે. જૂનાગઢ અને ગાંધીનગરને બાદ કરતાં તમામ મહાનગરો ભાજપ પાસે છે. ત્રણ વખત મુખ્યમંત્રી તરીકે ચૂંટાયેલા મોદીએ ૨૦૦૨??? ગોધરાકાંડના મુદ્દાને લીધે ભાજપને ૧૨૭ બેઠકો અપાવી હતી પરંતુ ૨૦૦૭?? ચૂંટણીમાં ભાજપની બેઠકો ૧૧૭ થઈ હતી. ૨૦૦૭?? ચૂંટણીમાં કોંગ્રેસ અધ્યક્ષાની મોટી ભૂલના કારણે કોંગ્રેસ સત્તાથી અળગી રહી હતી. સોનિયાએ મોદીને મોતના સોદાગર કહેતા મતદારો ફરી મોદી તરફ વળી ગયા હતા.

૨૦૦૧ થી ૨૦૧૨?? શાસનમાં ગુજરાતે બે ઘટનાઓમાં દુઃખ અનુભવ્યું છે, જે પૈકીની એક ઘટના ગાંધીનગરના -સિદ્ધ અક્ષરધામ મંદિરમાં બની હતી. ૨૭મી સપ્ટેમ્બરે આ મંદિરમાં આતંકવાદી હુમલો થયો હતો અને ૬૦ થી વધારે દર્શનાર્થીઓ મોતના મુખમાં હોમાઈ ગયા હતા. જયારે ફેબ્રુઆરી ૨૦૦૨?? રોજ અયોધ્યામાં કારસેવા કરી પરત ફરી રહેલાં ૪૨ હિન્દુઓને સાબરમતી એક્સ-સમાં જીવતા સળગાવી દેવાયા હતા અને તે ઘટનાના -ત્યાઘાતરૂપે ગુજરાતમાં સતત બે દિવસ સુધી કોમી રમખાણો સર્જાયાં હતા જેમાં કહેવાય છે કે ૨૦૦૦ લોકોના જાન ગયાં હતા.

આ ઘટનાની બદનામી વિશ્વસ્તરે થઈ હતી. ભાજપના વરિષ્ઠ નેતા વાજપેયીએ કહ્યું હતું કેઁ ગોધરાકાંડની ઘટનાઓ અત્યંત દુઃખદ હતી અને તેમાં મોદીએ રાજધર્મ બજાવ્યો નથીઁ. આ પીડા હજી ગુજરાત કે ભારત ભૂલી શક્યું નથી, જો કે આ ઘટનાનો લાભ મોદીને ૨૦૦૨ની ચૂંટણીમાં થયો હતો. લોકો આ ઘટનાઓ વિસરી ચૂક્યાં હતા.

૨૦૦૪માં યોજાયેલી લોકસભાની ચૂંટણી વખતે નરેન્દ્ર મોદી અને કેશુભાઈ સામ-સામે આવી જતાં પાર્ટીના એકબીજાના ઉમેદવારોને હરાવવાની -વૃત્તિએ રંગ પકડતાં કેન્દ્રમાં એનડીએ સરકારને જેટલા સાંસદો ખૂટ્યાં તેટલા (ભાજપના સાત સાંસદો) ગુજરાતમાં ચૂંટણી હારી ગયા હતા.

આ બદનામીમાંથી મોદી તો સિફતપૂર્વક નિકળી ગયા પણ -દેશ -મુખ રાજેન્દ્રસહિં રાણાનો ભોગ લેવાયો. એ વખતે પણ વાજપેયીએ કહ્યું હતું કેઁ ગોધરાકાંડ પછી નરેન્દ્ર મોદીને અમે બદલ્યાં નહીં તે મોટી ભૂલ હતીઁ. ભાજપના રાષ્ટ્રીય નેતા -મોદ મહાજને પણ મોદીની આકરી ટીકા કરી હતી.

નરેન્દ્ર મોદી ગુજરાતમાં એક એવાં મુખ્યમંત્રી છે કે જેમણે માધવસિંહ સોલંકી પછી સત્તાના પાંચ વર્ષ પુરાં કર્યા છે. એટલું જ નહીં તેમણે તેમનો તેમજ જીવરાજ મહેતાનો સૌથી વધુ શાસન કરવાનો રેકોર્ડ પણ તોડ્યો છે. ૧૮?? સપ્ટેમ્બર-૨૦૧૨?? રોજ મોદીએ તેમના શાસનના ૪૦૦૦ દિવસ પુરાં કર્યા છે. કેશુભાઈ જૂથના નેતાઓએ મોદી સામે પાંચ વખત વિરોધ વ્યક્ત કરી એવું કહ્યું છે કેઁ ગુજરાત ભાજપમાં મોદીએ ઈમર્જન્સી ખડકી દીધી છેઁ. આજે ૨૦૧૨?? ચૂંટણી પૂર્વે કેશુભાઈ પટેલે ભાજપ છોડીને ગુજરાત પરિવર્તન પાર્ટી બનાવી દીધી છે.

મોદીના શાસનમાં તેમને સેડબેક અપાવતું એક પાસુ લોકસભાનું ઈલેક્શન છે. મોદી લોકસભામાં વધુ ઉમેદવારોને વિજયી બનાવી શકતા નથી. ગુજરાતની છેલ્લી ત્રણ ચૂંટણીની ખાસિયત એ છે કે ગુજરાતમાં મોદી વર્સિસ ઓલ થઈ જાય છે. કોંગ્રેસના કેન્દ્રીય નેતાઓ, ભાજપના અસંતુષ્ટો તેમજ હિન્દુવાદી કેટલાક નારાજ જૂથો તેમને હરાવવા મેદાને પડેલા છે. મોદી અને વિવાદો હંમેશા એક સિક્કાની બે બાજુ રહ્યા છે. ભાજપના ટોચના નેતાઓ મોદીને વિકાસ પુરૂષથી નવાજે છે. (ક્રમશઃ)

